સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 20

[09/05/21 to 15/05/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC CLASS 1/2
Dy.SO & S.T.I.
MAINS TEST SERIES

ગુજરાતી & ENGLISH
બંને માધ્યમમાં ઉપલબ્ધ

START FROM 25-5-21

6 PAPERS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**09 MAY-2021**


- દિવસ મહિમા : 9 મે, (1) મધર્સ ડે (2) શ્રી મહારાણા પ્રતાપ સિંહ જન્મ જયંતિ ..... 02
- G7 ના વિદેશી મંત્રીઓની બેઠક ..... 02
- ઓક્સિજનના વિતરણ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નેશનલ ટાસ્ક ફોર્સની રચના ..... 03
- QUESTION ANSWERS ..... 04


**10 MAY-2021**


- લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2021ના વિજેતાઓની યાદી ..... 05
- ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય બેઠક ..... 06
- WHO એ ચીનની વેક્સિન સિનોફાર્મને મંજૂરી આપી ..... 06
- QUESTION ANSWERS ..... 08


**11 MAY-2021**


- દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ ..... 09
- મ્યૂકરમાઈકોસીસ (Mucormycosis) ..... 09
- કેરળના સામ્યવાદી નેતા સુશ્રી કે.આર.ગૌરીનું નિધન ..... 10
- ભારત-યુરોપિયન યુનિયનના નેતાઓની બેઠક ..... 11
- QUESTION ANSWERS ..... 12


**12 MAY-2021**


- દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day) ..... 13
- નેપાળના વડાપ્રધાન શ્રી કેપી શર્મા ઓલી બહુમતી સાબિત કરવામાં નિષ્ફળ ..... 13
- ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ભીષણ યુધ્ધ ..... 14
- QUESTION ANSWERS ..... 16


**13 MAY-2021**


- મહારાષ્ટ્ર સરકારે 'મહારાષ્ટ્ર મિશન ઓક્સિજન' શરૂ કર્યું ..... 17
- ચીને યાઓગાન (Yaogan) ઉપગ્રહો લોન્ચ કર્યા ..... 17
- COVISHILD રસીના બે ડોઝ વચ્ચે 12 તી 16 અઠવાડિયાનું અંતર રાખવા સુચન ..... 18
- QUESTION ANSWERS ..... 20


**14 MAY-2021**


- ચક્રવાત તૌક્તે 160 કિ.મી.ની ઝડપે ગુજરાતના દરિયાકિનારે ત્રાટકશે ..... 21
- રશિયાની સ્પુતનિક વી (Sputnik V) રસી ભારતમાં લોન્ચ કરવામાં આવી ..... 22
- 'વ્હિટલી એવોર્ડ' (Whitley Awards) જીતનાર શ્રી નુકલુ ફોમ પ્રથમ ભારતીય બન્યા ..... 23
- QUESTION ANSWERS ..... 25


**15 MAY-2021**


- દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ ..... 26
- લોકડાઉન દરમિયાન બાળ લગ્નમાં વધારો થયો ..... 26
- ઉત્તર–પૂર્વ રાજ્યોમાં 'આફ્રિકન સ્વાઈન ફિવર' ફેલાયો ..... 27
- QUESTION ANSWERS ..... 28

ONLINER ..... 29

QUESTION OF THIS WEEK ..... 34


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 9 મે, (1) મધર્સ ડે
## (2) શ્રી મહારાણા પ્રતાપ સિંહ જન્મ જયંતિ

### મધર્સ ડે




સમગ્ર વિશ્વમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસે થાય છે.

- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2021માં ભારતમાં 9 મે ના રોજ મધર્સ ડે ની ઉજવણી કરવામાં આવી છે.
- આધુનિક મધર્સ ડેની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં સુશ્રી એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.
- આ ઉપરાંત તેમણે 'મધર્સ ડે ઈન્ટરનેશનલ'ની પણ સ્થાપના કરી હતી.
- સમગ્ર વિશ્વમાં પ્રત્યેક પરિવારોમાં માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે તે માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

## G7 ના વિદેશી મંત્રીઓની બેઠક




તાજેતરમાં 'ગ્રુપ ઓફ સેવન' (G7) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક બ્રિટનના લંડન ખાતે યોજાઈ હતી.

- નોંધનીય છે કે 47 મી G7 સમિટ યુનાઈટેડ કિંગ્ડમ (બ્રિટન) માં જૂન 2021માં યોજાશે.
- આ બેઠકમાં ઓસ્ટ્રેલિયા, ભારત, દક્ષિણ કોરિયા, દક્ષિણ આફ્રિકાના અધ્યક્ષો તેમજ ASEAN ના વર્તમાન અધ્યક્ષ બ્રુનેઈ દારૂસ્સલામ પણ ઉપસ્થિત રહ્યા હતા.
- ઓસ્ટ્રેલિયા, ભારત, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ કોરિયા પણ જૂનમાં યોજનારી G7 સમિટમાં ભાગ લેશે.
- આ બેઠકમાં યુક્રેનની સરહદો પર રશિયાના ગેરકાયદેસર અતિક્રમણ અને ત્યાં બાંધકામ અંગે ની ચર્ચા કરવામાં આવી હતી.
- આ ઉપરાંત ઝિજિયાંગ અને તિબેટમાં ચાઈના દ્વારા કરવામાં આવેલા માનવાધિકારના ઉલ્લંઘન અને દૂરપયોગો ખાસ કરીને ઉયગર અને અન્ય વંશીય અને ધાર્મિક લઘુમતી જૂથોના સભ્યોને નિશાન બનાવવાની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- આ બેઠક દરમિયાન મ્યાનમારમાં લશ્કરી બળવાની પણ નિંદા કરવામાં આવી હતી.
- આ ઉપરાંત ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર પર આસિયાનની કેન્દ્રિયતાને સમર્થન આપવામાં આવ્યું હતું.

### Group of Seven (G7)

Group of Seven (G7) એ આંતરરાષ્ટ્રીય ઈન્ટરગવર્નમેન્ટલ ઈકોનોમિક ઓર્ગેનાઈઝેશન છે.

- G7 ગ્રુપમાં વિશ્વની સાત એડવાન્સ્ડ ઈકોનોમી ઉપરાંત યુરોપિયન યુનિયનનો પણ સમાવેશ થાય છે.
- G7 દેશોમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- 15 થી 17 નવેમ્બર, 1975 દરમિયાન ફ્રાન્સમાં G7 દેશોની પ્રથમ સમિટ યોજાઈ હતી.

- પ્રથમ સમિટ દરમિયાન આ ગ્રુપ G6 તરીકે ઓળખાતું હતું.
- ત્યારબાદ વર્ષ 1976 માં કેનેડાનો સમાવેશ થતા આ ગ્રુપ G7 તરીકે ઓળખાયું.
- આ ઉપરાંત 1997 થી 2014 દરમિયાન આ ગ્રુપમાં રશિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આથી વર્ષ 1997 થી 2014 દરમિયાન આ ગ્રુપ G8 તરીકે ઓળખાતું હતું. જો કે વર્ષ 2014માં રશિયા તેમાંથી બહાર નીકળી ગયું હતું.

## ઓક્સિજનના વિતરણ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નેશનલ ટાસ્ક ફોર્સની રચના

ઓક્સિજનની અછત અને અસમાન વહેંચણીનો ઉકેલ લાવવા માટે અને સમગ્ર દેશમાં સુનિયોજિત રીતે ઓક્સિજનનું વિતરણ થઈ શકે તે માટે 12 સભ્યોની એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

- સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડી. વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેન્ચે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી છે.
- આ ટાસ્કમાં 10 ડોકટર અને 2 સનદી અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવ આ ટાસ્ક ફોર્સના સંયોજક રહેશે. તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રીને પણ આ ટાસ્ક ફોર્સમાં સમાવાયા છે.
- આ ટાસ્ક ફોર્સ તમામ રાજ્યો અને કેનદ્રશાસિત પ્રદેશોને ઓક્સિજનની ફાળવણી અને વિતરણની પધ્ધતિ નક્કી કરશે.
- આ ઉપરાંત ટાસ્ક ફોર્સ જીવનરક્ષક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરતા વિતરણની પધ્ધતિ નક્કી કરશે.
- આ ઉપરાંત ટાસ્ક ફોર્સ જીવનરક્ષક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરતા પગલાની સમીક્ષા અને સૂચનો કરશે.

### નેશનલ ટાસ્ક ફોર્સના સભ્યો

| ક્રમ | સભ્યનું નામ | વર્તમાન કયા હોદ્દા સાથે સંકળાયેલ છે. |
|---|---|---|
| 1 | ડો. ભાબાતોષ વિશ્વાસ | કોલકાતા સ્થિત પ.બંગાળ હેલ્થ સાયન્સિઝ યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર |
| 2 | ડો. દેવિન્દર સિંહ રાણા | દિલ્હી સ્થિત સરગંગારામ હોસ્પિટલ બોર્ડના ચેરમેન |
| 3 | ડો. દેવી પ્રસાદ શેટ્ટી | બેંગ્લોર સ્થિત નારાયણા હેલ્થ કેરના ચેરમેન |
| 4 | ડો. ગગનદીપ કાંગ | વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજના પ્રોફેસર |
| 5 | ડો. જેવી પીટર | વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજના પ્રોફેસર |
| 6 | ડો. નરેશ ત્રેહાન | ગરુગ્રામ સ્થિત મેંદાતા હોસ્પિટલના ચેરમેન |
| 7 | રાહુલ પંડિત | મુંબઈ ફોર્ટિસ હોસ્પિટલના ICU વિભાગના ડિરેક્ટર |
| 8 | ડો. સૌમિત્ર રાવત | દિલ્હી સ્થિત સર ગંગારામ હોસ્પિટલના સર્જિકલ વિભાગના વડા |
| 9 | ડો. શિવકુમાર સરિન | દિલ્હી સ્થિત ILBS ના ચેરમેન |
| 10 | ડો. ઝરિર ઉદવાડિયા | મુંબઈ હિન્દુજા હોસ્પિટલના ચેસ્ટ ફિઝિશિયન |
| 11 | કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ | |
| 12 | કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવ (ટાસ્ક ફોર્સના સંયોજક રહેશે) | |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SUNDAY Questions

1. શ્રી મહારાણા પ્રતાપની જન્મ જયંતિ કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે (B)

2. તાજેતરમાં G7 દેશોના કયા મંત્રીઓની બેઠક મળી હતી ?

(A) આરોગ્ય મંત્રી (B) વિદેશી મંત્રી (C) સરંક્ષણ મંત્રી (D) પરિવહન મંત્રી (B)

3. G7 ના વિદેશી મંત્રીઓની બેઠક કયા સ્થળે યોજાય હતી ?

(A) લંડન (B) પેરિસ (C) ન્યુયોર્ક (D) વોશિંગ્ટન ડિસી (A)

4. જૂન 2021માં G7 સમિટ કયા દેશમાં યોજાશે ?

(A) કેનેડા (B) ફ્રાન્સ (C) જર્મની (D) યુનાઈટેડ કિંગ્ડમ (D)

5. જૂન 2021માં યુનાઈટેડ કિંગ્ડમ ખાતે કેટલામી G7 સમિટનું આયોજન થશે ?

(A) 45 (B) 46 (C) 47 (D) 48 (C)

6. ગ્રુપ ઓફ સેવન (G7) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) G7 ગ્રુપમાં વિશ્વની સાત એડવાન્સ્ડ ઈકોનોમી ઉપરાંત યુરોપિય યુનિયનનો સમાવેશ થાય છે.

(B) G7 દેશોમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

7. સમગ્ર વિશ્વમાં 'મધર્સ ડે'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) એપ્રીલ મહિનાનો બીજો રવિવાર (B) મે મહિનાનો બીજો રવિવાર

(C) જૂન મહિનાનો બીજો રવિવાર (D) જૂલાઈ મહિનાનો બીજો રવિવાર (B)

8. ઓક્સિજનના વિતરણ માટે કોણે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી ?

(A) રાષ્ટ્રપતિ (B) સુપ્રીમ કોર્ટ

(C) દિલ્હી રાજ્ય સરકાર (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2021ના વિજેતાઓની યાદી

લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2021 (Laureus World Sports Awards, 2021) ના વિતરણ સમારોહનું આયોજન સ્પેનના સેવિલે શહેરમાં કરવામાં આવ્યું હતું.

- ટેનિસના દિગ્ગજ ખેલાડી શ્રી રાફેલ નડાલે 'લોરિયસ વર્લ્ડ સ્પોર્ટસમેન ઓફ ધ યર એવોર્ડ, 2021' જીત્યો છે.
- જ્યારે સુશ્રી નાઓમી ઓસાકાએ લોરિયસ 'વર્લ્ડ સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર એવોર્ડ, 2021' જીત્યો હતો.
- COVID-19 મહામારીના કારણે લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2021ના તમામ વિજેતાઓનું ઓનલાઈન પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું.

### લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2021

| ક્રમ | એવોર્ડ | વિજેતા | રમત |
|---|---|---|---|
| 1. | સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર | શ્રી રાફેલ નડાલ | ટેનિસ |
| 2. | સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર | સુશ્રી નાઓમી ઓસાકા | ટેનિસ |
| 3. | લાઈફટાઈમ અચિવમેન્ટ | બિલી જીન કિંગ | ટેનિસ |
| 4. | ટીમ ઓફ ધ યર | એફસી બાયર્ન | ફૂટબોલ |
| 5. | બેકથ્રુ ઓફ ધ યર | પેટ્રીક મોહોમ્સ | ફૂટબોલ |
| 6. | વર્લ્ડ કમ બેક ઓફ ધ યર | મૈકસ પૈરટ | ફૂટબોલ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ




લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડની સ્થાપના વર્ષ 1999માં લોરિયસ સ્પોર્ટ ફોર ગુડ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

- વર્ષ 2000માં પ્રથમ એવોર્ડ રજૂ કરવામાં આવ્યો હતો.
- ટેનિસ ખેલાડી શ્રી રોજર ફેડરરે આ એવોર્ડ સૌથી વધુ વખત જીત્યો છે. તેમણે છ વખત 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે.
- વિજેતાઓને લોરિયસની પ્રતિમાની ભેટ આપવામાં આવે છે.

**નોંધ :** (1) વર્ષ 2020માં ભારતના પ્રસિધ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને 'લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ ઓફ ધ યર 2000-2020 એવોર્ડ' એનાયત થયો હતો.

(2) વર્ષ 2011ની વર્લ્ડ કપ વિનિંગ મોમેન્ટ માટે શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ મળ્યો હતો.

## WHO એ ચીનની વેક્સિન સિનોફાર્મને મંજૂરી આપી

WHO દ્વારા તાજેતરમાં સિનોફાર્મ રસીના કટોકટી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે.

- તાજેતરમાં WHO એ Astrazenca, Pfizer (ફાઈઝર), બાયોએનેટેક અને જહોનસન એન્ડ જહોનસન દ્વારા વિકસિત COVID-19 રસીઓને મંજૂરી આપી છે.
- સિનોફાર્મ ઉપરાંત ચીનની બીજી રસી સિનોવેક (Sinovac) છે. પરંતુ તેની મંજૂરી મળી નથી.

### સિનોફાર્મ વેક્સિન

- સિનોફાર્મ COVID-19 રસી ચીન દ્વારા વિકસાવવામાં આવી છે.
- WHO દ્વારા સૌપ્રથમ ચીનની રસીને મંજૂરી આપી છે.
- WHO એ જણાવ્યું હતું કે સિનોફાર્મ રસીને COVAX કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવાની મંજૂરી મળી શકે છે.
- WHO ના જણાવ્યા અનુસાર સિનોફાર્મ રસીની અસરકારકતા 79% છે.

### સિનોફાર્મ કેવી રીતે કાર્ય કરે છે ?

સિનોફાર્મ રસી એ COVAXIN જેવી જ એક નિષ્ક્રિય રસી છે.

- નિષ્ક્રિય રસીઓ ગરમી , કિરણોત્સર્ગ અથવા રસાયણોનો ઉપયોગ કરી રોગ ઉત્પન કરનાર વાઈરસને નષ્ટ કરી બનાવવામાં આવે છે.
- આ રસીઓ બનાવવામાં વધારે સમય લાગે છે. તથા આ રસીના 2 થી 3 ડોઝ આપવા પડે છે.
- વિશ્વની ઘણી રસીઓમાંથી ફક્ત સિનોવાક, સિનોફાર્મ અને COVAXIN જ નિષ્ક્રિય વાઈરસનો ઉપયોગ કરે છે.
- અન્ય રસીઓ જેમ કે મોડર્ના, એસ્ટ્રાઝેનેકા (COVISHILED), સ્પુટનિક, ફાઈઝર અને જહોન્સન એન્ડ જહોન્સન 'વાયરલ વેક્ટર'નો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય બેઠક

તાજેતરમાં ભારતે 'ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય' બેઠકમાં ભાગ લીધો હતો. તથા આર્કટિક ક્ષેત્રમાં સંશોધન કાર્ય અને સહયોગ માટેની લાંબા ગાળાની યોજનાઓ પણ શેર કરી હતી.

- પ્રથમ 'આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય' (ASM) બેઠક વર્ષ 2016માં અમેરિકામાં અને બીજી વર્ષ 2018માં જર્મનીમાં યોજાય હતી.

## ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય બેઠક

ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય બેઠકનું આયોજન આઈસલેન્ડ અને જાપાન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

- આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આર્કટિક ક્ષેત્ર વિશેની સામૂહિક સમજ વધારવા માટે, તેમજ શિક્ષણવિદો, સ્થાનિક સમુદાયો, સરકારો અને નીતિ ઘડવૈયા સહિતના વિવિધ હિસ્સેદારોને તેની સતત દેખરેખ પર ભાર મુકવા માટે અને આ દિશામાં તકો પ્રદાન કરવાનો છે.
- આ બેઠકની થીમ 'Knowledge for a Sustainable Arctic' છે.
- આર્કટિકમાં 'ઈન–સીટૂ' (In - Situ) અને 'રિમોર્ટ સેન્સિંગ' બંને અવલોકન પ્રણાલીમાં ભારતે ફાળો આપ્યો છે.
- સમુદ્રની સપાટીની પ્રવૃતિઓ અને દરિયાઈ હવામાન પરિમાણોની લાંબાગાળાની દેખરેખ માટે ભારત આર્કટિક મહાસાગરમાં સ્થિત ખુલ્લા સમુદ્રમાં 'નૌબંધ' (Mooring) તૈનાત કરશે.
- આ ઉપરાંત ભારત અમેરિકાના સહયોગથી 'NISAR' (Nasa-ISRO Synthetic Aperture Radar) ઉપગ્રહ મિશન પણ શરૂ કરી રહ્યું છે.

## આર્કટિક ક્ષેત્ર

આર્કટિક ક્ષેત્ર આર્કટિક મહાસાગર અને કેટલાક વિશિષ્ટ ભાગો, જેમ કે અલાસ્કા, કેનેડા, ફિનલેન્ડ, ડેનમાર્ક, આઈસલેન્ડ, નોર્વે, રશિયા અને સ્વીડનને આવરી લે છે.

- આ દેશો આર્કટિક કાઉન્સિલ તરીકે ઓળખતા આંતર–સરકારી મંચની રચના માટે સાથે મળીને કામ કરે છે.
- આર્કટિક ક્ષેત્રનું મુખ્ય મથક નોર્વે ખાતે આવેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્કટિક ક્ષેત્રમાં ભારત

આર્કટિક ક્ષેત્રમાં ભારતની હાજરીની શરૂઆત વર્ષ 1920માં પેરિસમાં 'સ્વાલબાર્ડ'ની સંધિ પર હસ્તાક્ષર સાથે થઈ હતી.

- વર્ષ 2008માં ભારતે આર્કટિક ક્ષેત્રમાં કાયમી સંશોધન સ્ટેશન બનાવ્યું હતું. જે 'હિમાદ્રી સ્ટેશન' તરીકે ઓળખાય છે.
- 'હિમાદ્રી' નોર્વેના સ્વાલબાર્ડ ક્ષેત્રમાં ન્યાલેસુંદમાં સ્થિત છે.
- વર્ષ 2013માં ભારતને આર્કટિક ક્ષેત્રમાં 'ઓબ્ઝર્વર'નો દરજ્જો મળ્યો હતો.
- વર્તમાનમાં ચીન સહિત 13 દેશોને 'ઓબ્ઝર્વર'નો દરજ્જો છે.
- વર્ષ 2018માં ભારતના 'ઓબ્ઝર્વર' દરજ્જાનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.
- આર્કટિક ક્ષેત્રમાં ભારતના સંશોધનની કામગીરી ભારત સરકારના 'પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય' હેઠળ રાષ્ટ્રીય ધ્રુવીય અને દરિયાઈ સંશોધન કેન્દ્ર દ્વારા સંકલન, સંચાલિત અને પ્રસારિત કરવામાં આવે છે.

## MONDAY Questions

1. 'લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2021'નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) જાપાન (B) સ્પેન (C) કેનેડા (D) અમેરિકા — (B)

2. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ-2021માં 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી બિલ જિન કિંગ (C) શ્રી એફ.સી.બાયર્ન (D) શ્રી રોનાલ્ડો — (A)

3. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2021માં 'સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?

(A) સુશ્રી જસ્ટિસ હુનિન (B) સુશ્રી મોનિક સેલેસ (C) સુશ્રી માર્ગોરેટ કોર્ટ (D) સુશ્રી નાઓમી ઓસાકા — (D)

4. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સૌથી વધારે કયા ખેલાડીએ જીત્યો છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર (C) શ્રી બિલિ જીન કિંગ (D) શ્રી એફસી બાયર્ન — (B)

5. WHO એ ચીનની કઈ રસીને મંજૂરી આપી છે ?

(A) સિનોફાર્મ (B) ફાઈઝર (C) બાયોએનટેક (D) એસ્ટ્રાઝેનકા — (A)

6. તાજેતરમાં કેટલામી 'આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય' બેઠક યોજાય હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી — (C)

7. આર્કટિક ક્ષેત્રનું મુખ્ય મથક કયા દેશમાં આવેલ છે ?

(A) અલાસ્કા (B) કેનેડા (C) નોર્વે (D) ફિનલેન્ડ — (C)

8. કયા વર્ષે ભારતે આર્કટિક ક્ષેત્રમાં કાયમી સંશોધન કેન્દ્ર 'હિમાદ્રી' બનાવ્યું હતું ?

(A) 2006 (B) 2008 (C) 2010 (D) 2012 — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ

ભારતના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ભારતમાં દર વર્ષે 11 મેના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમં વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી વિવિધ શાધોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### 11 મેના રોજ આ દિવસ શા માટે ઉજયાવાય છે ?

(1) 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળ નામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ અથવા તો ન્યુકિલઅર બોમ્બનું સફળ પરીક્ષણ કર્યુ હતું.

(2) 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફટ 'હંસા-3'નું બેંગ્લુરૂ ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(3) 11 મે, 1998ના રોજ ભારતે 'ત્રિશુલ મિસાઈલ'નું પણ અંતિમ સફળ પરીક્ષણ કર્યુ હતું.

આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 1999થી દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### ભારતનું પરમાણું પરીક્ષણ

ભારતે 18 મે, 1974ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતેથી પ્રથમ પરમાણુ પરીક્ષણ કર્યુ હતું.

- આ પરીક્ષણને 'સ્માઈલિંગ બુધ્ધા' નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 મે, 1998ના રોજ ભારતે બીજુ પરમાણુ પરીક્ષણ 'પોખરણ-2' હાથ ધર્યુ હતું.
- આ બીજા પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું.
- અને આ પરીક્ષણ દ્વારા ભારત અણુ અથવા તો પરમાણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બની ગયો હતો.
- ઓપરેશન શક્તિ અથવા પોખરણ-2 અંતર્ગત 5 પરમાણુ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ 5 પરમાણુ બોમ્બમાંથી 1 બોમ્બ Fusion Bomb અને 4 બોમ્બ Fission Bomb હતા.
- જેમાંથી 11 મે, 1998ના રોજ Fusion અને બે Fission Bomb નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અને ત્યારબાદ 13 મે, 1998ના રોજ બાકીના Fission Bomb નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## મ્યૂકરમાઈકોસીસ (Mucormycosis)

COVID-19 સંક્રમિત કેટલાક દર્દીઓમાં 'મ્યૂકરમાઈકોસીસ' (Mucormycosis) નામના ફુગ સાથેનો ચેપ જોવા મળે છે. જેને 'બ્લેક ફંગસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- કોરોના વાઈરસના અલગ–અલગ વેરિઅન્ટના ફેલાવા વચ્ચે હવે કોવિડથી સાજા થતા દર્દીઓમાં મ્યૂકરમાઈકોસીસ એટલે કે બ્લેક ફંગસના કેસોએ ચિંતા વધારી છે.
- ગુજરાત અને દિલ્હીની કેટલીક હોસ્પિટલોમાં કોરોનામાંથી રિકવર થયેલા દર્દીઓમાં આ પ્રકારની તકલીફ જોવા મળી હતી.

## મ્યૂકરમાઈકોસીસ

મ્યૂકરમાઈકોસીસ ગંભીર પરંતુ ફુગજન્ય રોગ છે.

- તે 'મ્યૂકરમાયસિટિસ' નામના મોલ્ડના કારણે થાય છે. જે પર્યાવરણમાં પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે.
- આ બિમારી મુખ્યત્વે એવા લોકોને અસર કરે છે જેમને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ છે.
- મ્યૂકરમાઈકોસીસ એટલે કે બ્લેક ફંગસને પહેલા 'ઝાયગોમાઈકોસિસ'ના નામથી પણ ઓળખવામાં આવતી હતી.
- આ ફંગસ એવા લોકોને સહેલાઈથી થાય છે જેઓની રોગપ્રતિકારક ક્ષમતા ઘટી ગઈ હોય છે.
- આ બિમારી પહેલા પણ અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ પહેલા તે કીમોથેરાપી, ડાયાબિટીસ અને ટ્રાન્સપ્લાન્ટ કરનાર લોકો અને વડીલોમાં વધુ જોવા મળતી હતી.

### લક્ષણ

મ્યૂકરમાઈકોસીસના લક્ષણો નીચે મુજબ દર્શાવ્યા છે.

- આંખ અથવા નાકની આસપાસ દુખાવો થવો
- આંખ લાલશ પડવી
- તાવ આવવો
- માથાનો દુખાવો થવો
- ઉધરસ આવવી
- શ્વાસની તકલીફ થવી
- આંખના દુખાવાના કારણે ડબલ વસ્તુઓ દેખાવી

## કેરળના સામ્યવાદી નેતા સુશ્રી કે.આર.ગૌરીનું નિધન



પૂર્વ મુખ્યમંત્રી અને સામ્યવાદી નેતા સુશ્રી કે.આર.ગૌરી અમ્મા (K.R.Gouri Amma)નું તિરુવનંતપુરમમાં નિધન થયું હતું.

- સુશ્રી કે.આર.ગૌરી અમ્માનો જન્મ 14 જૂલાઈ, 1919ના રોજ કેરળના અલાપ્પુઝા જિલ્લામાં થયો હતો.
- તેમણે કાયદાનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ પાછળથી તે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય બન્યા હતા.
- તેમણે નિરક્ષર લોકો અને મજૂરોના હક્કો માટે લડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- વર્ષ 1957માં તેઓ કેરળ રાજ્યના પ્રથમ મહેસૂલ મંત્રી બન્યા હતા.
- તેમણે તેમના જીવનકાળ દરમિયાન 17 ચૂંટણીઓ લડી હતી અને તેમાંથી 13માં વિજેતા થયા હતા.
- તેમણે 'જનતિપથ્ય સંરક્ષણ સમિતિ' પક્ષની પણ રચના કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત-યુરોપિયન યુનિયનના નેતાઓની બેઠક

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી એ 'ભારત–યેરોપિયન યુનિયન' (India- European Union Leaders Meeting)ના નેતાઓની બેઠકમાં ભાગ લીધો હતો.

- આ બેઠક તમામ 27 યુરોપિયન યુનિયન સભ્ય દેશોના ટોચના નેતાઓ તેમજ યુરોપિયન કાઉન્સિલ અને યુરોપિયન કમિશનના પ્રમુખની ભાગીદારીથી યોજવામાં આવી હતી.
- યુરોપિયન યુનિયન દ્વારા EU+27 પ્રારૂપમાં ભારત સાથે બેઠક યોજવાની આ પ્રથમ ઘટના છે.
- આ બેઠક પોર્ટુગલના વડાપ્રધાન અને યુરોપિયન યુનિયન કાઉન્સિલના વર્તમાન અધ્યક્ષની પહેલથી યોજવામાં આવી હતી.
- આ બેઠકમાં થયેલી ચર્ચાના અલગ–અલગ મુદ્દાઓ નીચે મુજબ છે.

## મુક્ત વેપાર વાટાઘાટો

આ બેઠકમાં દ્વિપક્ષીય વેપાર અને રોકાણો કરાર પર સ્થગિત વાટાઘાટો ફરીથી શરૂ કરીને મુક્ત વેપાર વાટાઘાટો શરૂ કરવાની સંમતિ આપવામાં આવી હતી.

- ભારત અને યુરોપિયન સંઘે વ્યાયક પણે મુક્ત વેપાર કરાર પર વાતચીત કરી. જેને સત્તાવાર રીતે વ્યાપક 'BITA' (Bialateral Trade and Investment Agreement) કહેવામાં આવે છે.
- યુરોપિયન યુનિયન, ચીન અને યુ.એસની તુલનામાં વર્ષ 2019-20માં ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર હતો.
- આ સમયગાળામાં બંને પક્ષો વચ્ચેનો કુલ વેપાર 90 અબજ ડોલરની નજીક હતો.

## કનેક્ટિવિટી ભાગીદારી

ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા ડિજિટલ, ઉર્જા, પરિવહન અને લોકોથી લોકોના જોડાણ વધારવા પર કેન્દ્રિત મહત્વાકાંક્ષી અને વ્યાપક જોડાણ ભાગીદારી પણ શરૂ કરવામાં આવી છે.

- આ ભાગીદારી સામાજિક, આર્થિક, નાણાંકીય, આબોહવા અને પર્યાવરણીય સ્થિરતા અને આંતરરાષ્ટ્રીય કાયદા અને પ્રતિબધ્ધતાઓ માટે આદરના વહેંચાયેલા સિંધ્ધાતો પર આધારિત છે.
- આ ભાગીદારી કનેક્ટિવિટી પ્રોજેક્ટસ માટે ખાનગી અને જાહેર ભંડોળને પ્રોત્સાહિત કરશે.
- તે ભારત–પેસિફિક સહિતના અન્ય દેશોમાં કનેક્ટિવિટી પહેલને સમર્થન આપવા માટે નવા સંબંધોને પ્રોત્સાહન આપશે.
- આ ઉપરાંત પૂણે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે યુરોપિયન યુનિયન તરફથી 150 મિલિયન ડોલરના નાણાકીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## આબોહવા પરિવર્તન

ભારત અને યુરોપિયન યુનિયનના નેતાઓએ પેરિસ કરારના લક્ષ્યો હાંસલ કરવા અને COP-26ના સંદર્ભમાં આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવા તથા અનુકૂલન અને સ્થિતિસ્થાપકતાના સયુંક્ત પ્રયાસોને વધુ મજબુત બનાવવાની પ્રતિબધ્ધતાને પુનઃરજૂઆત કરી હતી.

**નોંધ :** (1) યુરોપિયન યુનિયન 27 દેશોનો એક સમૂહ છે જે એક આર્થિક અને રાજકીય જૂથમાં એકરૂપે કાર્ય કરે છે.
(2) વર્ષ 2020 સુધી બ્રિટન પણ યુરોપિયન યુનિયનનો સભ્ય હતું.

1. ભારતમાં 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે **(D)**

2. ભારતમાં 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1996 (B) 1997 (C) 1999 (D) 2002 **(C)**

3. 11 મે ના રોજ ભારતમાં નીચેનામાંથી કઈ ઘટના ઘટી હોવાથી આ દિવસે ભારતમાં 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે ?

1. 11 મે, 1974ના રોજ પોખરણ-4 નો પ્રારંભ

2. 11 મે, 1998ના રોજ 'પૃથ્વી' મિસાઈલનું સફળ પરીક્ષણ

2. 11 મે, 19998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી યાન 'હંસા-3'નું પરીક્ષણ

4. 11 મે, 1998ના રોજ પોખરણ-2નું પ્રારંભ

યોગ્ય વિકલ્પ પંસદ કરો

(A) 1, 2, 3 અને 4 (B) 1, 2 અને 3 (C) 2, 3 અને 4 (D) 3 અને 4 **(D)**

4. મ્યૂકરમાઈકોસીસ રોગ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) આ રોગને 'બ્લેક ફંગસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(B) આ રોગને 'ઝાયગોમાઈકોસિસ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

(C) આ એક ફુગજન્ય રોગ છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

5. તાજેતરમાં સુશ્રી કે.આર.ગૌરી અમ્માનું નિધન થયું છે. તે કયા રાજ્યના સામ્યવાદી નેતા હતા ?

(A) તેલંગાણા (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) તમિલનાડું **(B)**

6. યુરોપિયન યુનિયન કેટલા દેશોનો સમૂહ છે ?

(A) 27 (B) 29 (C) 30 (D) 32 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સાક્ષાત દેવી સ્વરૂપ નર્સ બહેનોના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો છે.
- સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- બ્રિટનમાં 'દયાની દેવી' તરીકે પ્રસિધ્ધ થયેલા સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલે 'આધુનિક નર્સિંગ'ની સ્થાપના કરી હતી.
- આથી, તેમનો જન્મ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- International Council of Nurses (ICN) દ્વારા 1965 થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરવાનો નિર્ણય જાન્યુઆરી, 1974માં થયો હતો.
- અને ત્યારબાદ દર વર્ષે 12 મે ના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2021ની થીમ

વર્ષ 2021 ના 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ 'Nurses ; A Voice to Lead - A Vision for Future Healthcare' છે.

નોંધ : (1) સુશ્રી ફ્લોરન્સ નાઈન્ટિંગલનો જન્મ 12 મે, 1820 ના રોજ ઈટલીના ફ્લોરેન્સમાં થયો હતો. જોકે, તેમની કર્મ ભૂમી બ્રિટન હતી.

(2) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ ક્રિમિઅન યુધ્ધ દરમિયાન ઘાયલ થયેલા બ્રિટિશ સૈનિકોની સંભાળ માટે પ્રસિધ્ધ છે. આ સમયે તેમણે નર્સોના મેનેજર અને ટ્રેનર તરીકે પણ ફરજ બજાવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેપાળના વડાપ્રધાન શ્રી કેપી શર્મા ઓલી બહુમતી સાબિત કરવામાં નિષ્ફળ થયા બાદ પુન : વડાપ્રધાન તરીકે નિમણૂક

નેપાળના વડાપ્રધાન શ્રી કેપી શર્મા ઓલીએ વિશ્વાસનો મત ગુમાવ્યા બાદ તાજેતરમાં નેપાળના રાષ્ટ્રપતિ બિધ્યા દેવી ભંડારીએ સંસદને સ્થગિત કરી દીધી હતી.

- નેપાળની સંસદમાં વિશ્વાસનો મત રાખવામાં આવ્યો હતો.
- સંસદમાં 271 સભ્યો છે જેમા શ્રી કેપી શર્મા ઓલીની તરફેણમાં 93 અને વિરૂધ્ધમાં 124 મત પડયા હતા.
- શ્રી કેપી શર્મા ઓલીના પોતાના પક્ષ નેપાળ કમ્યૂનિસ્ટ પાર્ટીના 28 સાંસદો વ્હિપનો અનાદર કરીને ગેરહાજર રહ્યા હતા.
- નોંધનીય છે કે રાજકીય ખેંચતાણ વચ્ચે નેપાળમાં તાજેતરમાં સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું.
- જેમાં ફ્લોર ટેસ્ટ પહેલા સત્તારૂઢ સી.પી. અને યુ.એમ.એલ પક્ષે પોતાના તમામ સાંસદોને એક વ્હિપ આપ્યો હતો. જેમા તમામને વડાપ્રધાનની તરફેણમાં મત આપવાનો આગ્રહ કર્યો હતો.

- તેઓ બહુમતી સાબિત કરવામાં નિષ્ફળ થયા હોવા છતા પુનઃ વડાપ્રધાન બન્યા છે. કારણ કે વિપક્ષ સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. તથા શ્રી. ઓલી પાસે સરકાર બનાવવા માટે સૌથી વધુ સભ્ય હતા.
- શ્રી ઓલીના નેતૃત્વ હેઠળ ભારત અને નેપાળ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો નબળા રહ્યા છે.
- તેમના નેતૃત્વ હેઠળ મે, 2020માં નેપાળે એક નવો રાજકીય નકશો બહાર પાડયો હતો. જેમાં નેપાળ ક્ષેત્રના ભાગરૂપે ઉત્તરાખંડના લિમ્પીયાધુર, કાલાપાની અને લીપુ લેખનો દાવો કરવામાં આવ્યો હતો.

## વ્હિપ (Whip)

ગૃહમાં સત્તાધારી પક્ષ કે વિરોધ પક્ષ પોતાના પક્ષમાં શિસ્ત જાળવવા માટે એક સદસ્યની નિમણૂક કરે છે. જેને વ્હિપ કહે છે.

- વ્હિપ સભ્યએ પોતાના પક્ષના સભ્યો ગૃહમાં હાજરી આપે, કોઈ પ્રસ્તાવમાં મતદાન પક્ષમાં કરાવવું વગેરે અંગેની સૂચના આપવા જેવા કાર્યો કરે છે.

## ફ્લોર ટેસ્ટ (Floor Test)

ફ્લોર ટેસ્ટ વર્તમાન સરકારમાં બહુમતી છે કે કેમ તે નિર્ધારિત કરવામાં મદદ કરે છે.

- જ્યારે ફ્લોર ટેસ્ટમાં નિષ્ફળતા મળે તો રાજીનામું આપવું પડે છે.

## ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ભીષણ યુદ્ધ



ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે વર્ષ 2014ના ગાઝા વોર બાદની સૌથી ભીષણ અથડામણો ફાટી નીકળી હતી.

- ગાઝાપટ્ટી પર કબજો ધરાવતા હમાસના આતંકવાદીઓએ મંગળવારે રાત્રે ઈઝરાયલના તેલ અવીવ સહિતના શહેરો પર 1050થી વધુ રોકેટ અને મોર્ટારનો મારો ચલાવ્યો હતો.
- પરંતુ ઈઝરાયલની અત્યાધુનિક આયર્ન ડોમ એક ડિફેન્સ સિસ્ટમે 85 થી 90 ટકા રોકેટને વસતી ધરાવતા વિસ્તારો પર ત્રાટકતા રોક્યા હતા.
- વળતા પ્રહારમાં ઈઝરાયેલી એરફોર્સ ગાઝા પટી પર ત્રાટક્યું હતું અને ઓછામાં ઓછા 500 ટાર્ગેટને નિશાન બનાવી હમાશનો વિનાશ કર્યો હતો.
- આ હુમલામાં ભારતીય મહીલા સુશ્રી સૌમ્યા સંતોષનું મૃત્યું થયું હતું.
- બૈરિકેડ ઘટના બાદ પૂર્વી જેરુસલેમમાંથી ધમકી આપવામાં આવી હતી. જેના કારણો પેલેસ્ટિનિયન અને ઈઝરાયલઓ વચ્ચે હિંસાઓ શરૂ થઈ હતી.
- વિવાદનું કારણ 10 મે ના રોજ મનાવવામાં આવેલ 'જેરુસલેમ ડે'ને પણ ગણવામાં આવે છે.
- વર્ષ 1967ના અરબ–ઈઝરાયલ યુદ્ધમાં ઈઝરાયલની જીતની ખુશીમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આયર્ન ડોમ

- ચારો તરફ દુશ્મનોથી ઘેરાયેલા ઈઝરાયલે 'આયર્ન ડોમ' નામની સિસ્ટમ વિકસાવી છે.
- આ ડિફેન્સ સિસ્ટમ મોબાઈલ સિસ્ટમ જેવી જ છે. તેને સરળતાથી એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકાય છે અને તહેનાત કરી શકાય છે.
- તે 155 સ્કવેર કિ.મીના એરિયામાં સુરક્ષા કવચ પૂરું પાડે છે.
- નોંધનીય છે કે આ સિસ્ટમ રહેણાક વિસ્તારોની સુરક્ષા માટે વિકસાવાઈ છે.
- આ સિસ્ટમ રોકેટ, મોર્ટાર, મિસાઈલ, તોપના ગોળા, વિમાન, ડ્રોન જેવી તમામ વસ્તુઓને નજીકના અંતરથી નષ્ટ કરી શકે છે.

## ઈઝરાયલ–પેલેસ્ટાઈન સંઘર્ષની પૃષ્ટભૂમિ

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેના સંઘર્ષનો ઈતિહાસ લગભગ 100 વર્ષ જૂનો છે.

- વર્ષ 1917માં તે સમયના બ્રિટિશ વિદેશ સચિવ આર્થર જેમ્સ બાલ્ફેર દ્વારા 'બાલ્ફેર ઘોષણા' હેઠળ પેલેસ્ટાઈનમાં એક યહુદી 'રાષ્ટ્રીય ઘર' (National Home)ના નિર્માણ માટે બ્રિટને સત્તવાર સમર્થન આપ્યું હતું.
- બ્રિટન, અરબો અને યહૂદી વચ્ચેના સંઘર્ષને સમાપ્ત કરવામાં નિષ્ફળ ગયું હતું.
- ત્યારબાદ વર્ષ 1948માં બ્રિટને તેમના સુરક્ષા દળને પાછું ખેંચી લીધુ હતું. અને આરબો–યહૂદીના દાવાઓને સમાધાન કરવા માટે યુનાઈટેડ નેશન્સ સમક્ષ વિચારણા માટે આ મુદ્દો રજૂ કર્યો હતો.
- પેલેસ્ટાઈનમાં સ્વતંત્ર યહૂદી અને આરબ રાજ્યોની સ્થાપના માટે સયુંક્ત રાષ્ટ્રએ પાર્ટીશન પ્લાન રજૂ કર્યો હતો જેને પેલેસ્ટાઈનમાં રહેતા મોટાભાગના યહૂદીઓ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. પરંતુ અરબો તેનાથી સંમત થયા ન હતા.
- વર્ષ 1948માં યહૂદીઓએ સ્વતંત્ર ઈઝરાયલની ઘોષણા કરી અને ઈઝરાયલ એક દેશ બની ગયો હતો.
- પરીણામે નજીકના અરબી રાજ્યો (ઈજિપ્ત, જોર્ડન, ઈરાક અને સીરિયા)ના આક્રમણ થયા હતા.
- આ યુધ્ધના અંતે ઈઝરાયલે સંયુક્ત રાષ્ટ્રના ભાગલા યોજના આદેશ મુજબ જમીનને જેટલી ફાળવી હતી તેના કરતા વધારે નિયંત્રણ મેળવ્યું હતું.
- ત્યારબાદ વર્ષ 1967માં 'છ દિવસીય યુધ્ધ' (Six Day War) થયું હતું.
- જેમાં ઈઝરાયલે પૂર્વ જેરુસલેમ પર કબજો મેળવ્યો હતો.
- ત્યારબાદ ઘણી વખત આ દેશો વચ્ચે સંઘર્ષ થતા રહ્યા છે.

**નોંધ :** (1) જેરુસલેમ, ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે રાજધાનીને લઈને વિવાદનું કરણ રહ્યું છે.

(2) જેરુસલેમ મુસ્લિમ, ઈસાઈ અને યહૂદી એમ ત્રણ ધર્મના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. આથી તેને પવિત્ર સ્થળ તરીકે ઓળખવામાં આવે છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## WEDNESDAY Questions

1. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 મે (B) 11 મે

(C) 12 મે (D) મે માસનો બીજો મંગળવાર (C)

2. કોનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) સુશ્રી એના ડાર્વિસ (B) સુશ્રી પેરિસ હિલ્ટન

(C) સુશ્રી ફ્લોરન્સ નાઈન્ટિંગલ (D) સુશ્રી જસ્ટિન બિઅબર (C)

3. વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ શું છે ?

(A) Nurses : A Voice to Lead - A Vision for Future Healthcare

(B) Nurses : A Voice to Lead - Health for All

(C) Nurses : A Voice to Lead - Health for Human Right

(D) ત્રણેયમાંથી એકપણ નહીં (A)

4. તાજેતરમાં શ્રી કે.પી શર્મા ઓલી બહુમતિ સાબીત કરવામાં નિષ્ફળ રહ્યા હતા. તે કયા દેશના વડાપ્રધાન છે ?

(A) ભૂટાન (B) નેપાળ (C) શ્રીલંકા (D) માલદીવ (B)

5. તાજેતરમાં ઈઝરાયલ અને કયા દેશ વચ્ચે ભિષણ યુધ્ધ થયું હતું ?

(A) જોર્ડન (B) સીરિયા (C) ઈરાક (D) પેલેસ્ટાઈન (D)

6. જેરુસલેમ શહેર કયા બે દેશ વચ્ચે વિવાદસ્પદ રહ્યું છે ?

(A) ઈઝરાયલ–પેલેસ્ટાઈન (B) ઈઝરાયલ–ઈરાક

(C) ઈઝરાયલ–સુદાન (D) ઈઝરાયલ–ઈરાન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાષ્ટ્ર સરકારે 'મહારાષ્ટ્ર મિશન ઓક્સિજન' શરૂ કર્યુ

મહારાષ્ટ્ર રાજ્ય સરકારે તાજેતરમાં 'મહારાષ્ટ્ર મિશન ઓક્સિજન' શરૂ કર્યુ છે.

- આ મિશન હેઠળ રાજ્યનું દૈનિક ઓક્સિજન ઉત્પાદન વધારીને 3000 ટન કરવામાં આવ્યું છે.
- મહારાષ્ટ્ર રાજ્ય સરકારે આ મિશન માટે 200 કરોડ રૂપિયા ફાળવ્યા છે.
- આ ઉપરાંત ઓક્સિજન ઉત્પાદક એકમો બનવા ઈચ્છુક ખાનગી કંપનીઓને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે.
- આગળના છ મહિનામાં દરરોજ 2300 મેટ્રિક ટન ઓક્સિજનનું ટૂંકાગાળાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવશે. આ મિશનની કુલ કિંમત 1100 કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે.
- આ મિશન અંતર્ગત દરેક વિભાગમાં ઓછામાં ઓછા એક નવો પ્લાન્ટ લગાવવાનો છે.
- આ મિશન નોંધણી ફી, સ્ટેમ્પ ડ્યુટી, વીજળી ફી અને GST પણ માફ કરવામાં આવશે.
- મહારાષ્ટ્રમાં ઓક્સિજનની વાસ્તવિક માંગ દરોરોજ 1800 મેટ્રિક ટન છે.

## ચીને યાઓગાન (Yaogan) ઉપગ્રહો લોન્ચ કર્યા

ચીને તાજેતરમાં Xichang (ઝિચંગ) સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી 'ચાંગસી-2 રોકેટ' (Changsei-2c Rocket) લોન્ચ કર્યુ હતું.

- તે એક યાઓગાન ઉપગ્રહ છે. આ ઉપગ્રહ લોન્ચ થયા બાદ વર્ષ 2017 પછી લોન્ચ કરવામાં આવેલ સાત જૂથ સમૂહમાં તેનો સમાવેશ થયો છે.
- આ ઉપગ્રહનો ઉપયોગ ઈલેક્ટ્રોમેગ્નેટિક પર્યાવરણીય સર્વેક્ષણો અને અન્ય સંબંધિત તકનીકી પરીક્ષણો માટે થવાનો છે.
- ચીને તેના લોન્ગ માર્ચ 2c માં ત્રણ 'યાઓગન-30' ઉપગ્રહો અને ટિયાનકી-12 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા.
- યાઓગન-30 મિશન પહેલા યાઓગન-34 ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- ચીન 2021માં 40 ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે.

### યાઓગાન સેટેલાઈટ

તે ચાઈનીઝ રિકોન્સિન્સ ઉપગ્રહની શ્રેણી છે.

- રિકોન્સિન્સ ઉપગ્રહો લશ્કરી અથવા ગુપ્તચર કાર્ય માટે તૈનાત કરાયેલા જાસૂસ ઉપગ્રહો છે.
- જોકે, ચીને દાવો કર્યો છે કે યાઓગાન ઉપગ્રહ જમીન સર્વે, પાક ઉપજ આકારણી, વૈજ્ઞાનિક પ્રયોગ અને આપત્તિ નિરિક્ષણ માટે શરૂ કરવામાં આવી રહ્યો છે.



## તિયાંગોંગ કાર્યક્રમ

ચીનના તિયાંગોંગ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મોડ્યુલર સ્પેસ સ્ટેશન બનાવવાનો છે.

- ચીન દ્વારા વર્ષ 2011માં શરૂ કરાયેલ પ્રથમ સ્પેશ સ્ટેશન તિયાંગોંગ-1 હતી.
- ત્યારબાદ વર્ષ 2016માં તિયાંગોંગ-2 શરૂ કરવામાં આવ્યું હતું.

નોંધ : એપ્રિલ 2021માં ચીને તિયાનહે સ્પેસ સ્ટેશન કોર મોડ્યુલ શરૂ કર્યુ હતું. જે મે, 2021માં હિંદ મહાસાગરમાં પડ્યું હતું.

## COVISHILD રસીના બે ડોઝ વચ્ચે 12 થી 16 અઠવાડિયાનું અંતર રાખવા સુચન



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલા નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ દ્વારા દેશમાં વેક્સિનેશનની સ્ટ્રેટેજીમાં કેટલાક મહત્વના ફેરફાર કરવા ભલામણ કરવામાં આવી હતી.

- કેન્દ્ર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ વર્તમાન બે ડોઝ વચ્ચે 4 થી 8 અઠવાડિયાનું અંતર રાખવામાં આવે છે.
- ગ્રુપની ભલામણ બાદ સગર્ભા મહિલાઓ પણ વેક્સિન લઈ શકશે.
- યુ.કે ના અત્યાર સુધીના અનુભવો ધ્યાનમાં લીધા બાદ વર્કિંગ ગ્રુપ દ્વારા કોવિશિલ્ડ વેક્સિનના બે ડોઝ વચ્ચે બીજી વખત અંતર વધારવામાં આવ્યું છે.
- આ પેનલે સૂચવ્યું હતું કે જે વ્યક્તિને કોરોના થયો હોય તે સ્વસ્થ થયાના 6 મહિના પછી વેક્સિન લઈ શકશે.

ICE INSTITUTE FOR CO

## COVISHILD

COVISHILD રસી એસ્ટ્રાઝેનકા (Astrazencaf) દ્વારા બનાવવામાં આવે છે.

- સ્થાનિક રીતે, આ રસીનું નિર્માણ ભારતની સીરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- આ રસી ચિમ્પાન્ઝીના એડેનો વાઈરસ નામના સામન્ય કોલ્ડ વાઈરસના નબળા સંસ્કારણથી બનાવવામાં આવી છે.
- આ રસીને બે ડોઝમાં આપવામાં આવી છે.


## COVAXIN

COVAXIN એ ભારત સરકારની આધારભૂત રસી છે. આ રસીનું 'ભારત બાયોટેક' નામની કંપની દ્વારા નિર્માણ કરવામાં આવે છે. તથા તેનો અસરકારકતા દર 81% છે.

- COVAXIN રસીને પણ બે ડોઝમાં આપવામાં આવે છે.
- આ રસી મૃત COVID-19 વાઈરસથી તૈયાર કરવામાં આવી છે.

## વિશ્વમાં અપાતી બે ડોઝવાળી રસીઓ અને તેનો સમયગાળો

| ક્રમ | રસીનું નામ | સામાન્ય અંતર | સૂચિત અંતર | મહત્તમ અંતર |
|---|---|---|---|---|
| 1 | ફાઈઝર | 25 દિવસ | 21 દિવસ | 42 દિવસ |
| 2 | મોડર્ના | 32 દિવસ | 28 દિવસ | 42 દિવસ |
| 3 | સ્પુતનિક-V | 21 દિવસ | 21 દિવસ | 21 દિવસ |
| 4 | કોરોનાવેક | 30 દિવસ | 30 દિવસ | 30 દિવસ |
| 5 | ઓક્સફોર્ડ–એસ્ટ્રાઝેનેકા | 56 દિવસ | 84 દિવસ | 112 દિવસ |
| 6 | કોવિશીલ્ડ | 56 દિવસ | 84 દિવસ | 112 દિવસ |
| 7 | નોવા વેક્સ | 21 દિવસ | 21 દિવસ | 21 દિવસ |
| 8 | કોવેક્સિન | 28 દિવસ | 28 દિવસ | 42 દિવસ |



1. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે ઓક્સિજન માટે કયું મિશન શરૂ કર્યુ છે ?

(A) ઈન્ડિયા મિશન ઓક્સિજન (B) મહારાષ્ટ્ર મિશન ઓક્સિજન

(C) વાયુ મિશન ઓક્સિજન (D) ત્રણેયમાંથી એકપણ નહીં **(B)**

2. 'મહારાષ્ટ્ર મિશન ઓક્સિજન' અંતર્ગત કેટલા ટન ઓક્સિજન ઉત્પાદન કરવામાં આવશે ?

(A) 1000 ટન (B) 1200 ટન (C) 2000 ટન (D) 3000 ટન **(D)**

3. તાજેતરમાં કયા દેશે 'યાઓગાન' ઉપગ્રહો લોન્ચ કર્યા ?

(A) રશિયા (B) ચીન (C) જાપાન (D) અમેરિકા **(B)**

4. ચીન વર્ષ 2021માં કેટલા ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના બનાવી છે ?

(A) 10 (B) 12 (C) 14 (D) 40 **(D)**

5. સ્પેસ સ્ટેશન અંગેનો 'તિયાગોંગ કાર્યક્રમ' કયા દેશ સાથે સંકળાયેલા છે ?

(A) રશિયા (B) જાપાન (C) ચીન (D) અમેરિકા **(C)**

6. તાજેતરમાં COVISHILD રસીના બે ડોઝ વચ્ચેનું અંતર કેટલું રાખવાનું સૂચન કરવામાં આવ્યું છે ?

(A) 12 થી 16 અઠવાડિયા (B) 2 થી 3 અઠવાડિયા

(C) 16 થી 18 અઠવાડિયા (D) 2 થી 5 અઠવાડિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાત તૌક્તે 160 કિ.મી.ની ઝડપે ગુજરાતના દરિયાકિનારે ત્રાટકશે

હવામાન ખાતાના જણાવ્યા મુજબ અરબી સમુદ્રમાં આકાર લઈ રહેલુ ચક્રવાત તૌક્તે ગુજરાતના દરિયા કિનારે ત્રાટકશે.

- ગુજરાત સહિતના દેશના પશ્ચિમ કિનારાના રાજ્યો ઉપર ચક્રવાત તૌક્તે ત્રાટકવાની ભીતિ વચ્ચે વ્યાપક પ્રમાણમાં બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં NDRFની ટીમો સજ્જ કરી દેવામાં આવી છે.
- હવામાન ખાતાના જણાવ્યા મુજબ આ વાવાઝોડા અથવા ચક્રવાત દરમિયાન પવનની ઝડપ પ્રતિ કલાકે 175 કિ.મી. સુધીની રહેશે.
- હાલમાં આ ચક્રવાતને કારણે કેરળ અને કર્ણાટકમાં વ્યાપકપણે નુકસાન થયું છે.
- ચક્રવાત તૌકતે વર્ષ 2021નું પ્રથમ ચક્રવાત છે.

### તૌક્તે ચક્રવાતનું નામ

તાજેતરમાં ઉદ્‌ભવેલા ચક્રવાત 'તૌક્તે'નું નામ મ્યાનમાર દ્વારા સૂચિત કરવામાં આવ્યું છે.

### ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવ્યું છે.

- ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણક કટિબંધિય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ અપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે અને આ લિસ્ટ પ્રમાણે જે તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

### ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદમહાસાગરના ઉષ્ણકટિબંધિય ચક્રવાતના નામ ભારત વિભાગ/India Metrologycal Department (IMD/RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ દેશો દ્વારા સૂચીત એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તરહિંદ મહાસાગરમાં ઉદ્‌ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.

## IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ

હવાની ગતીના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ સતત 3 મિનિટ (કિ.મી. પ્રતિ કલાકમાં) |
|---|---|---|
| 1 | ડિપ્રેશન | 31 થી 50 |
| 2 | ડીપ ડિપ્રેશન | 51 થી 62 |
| 3 | ચક્રવાતી તોફાન | 63 થી 68 |
| 4 | ગંભીર ચક્રવાત તોફાન | 89 થી 117 |
| 5 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 165 |
| 6 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 116 થી 220 |
| 7 | સુપર ચક્રવાતી તોફાન | 221 થી વધુ |

નોંધ : ચક્રવાત તૌક્તે બાદ આવનાર ચક્રવાતનું નામ ઓમાન દ્વારા રાખવામાં આવશે. જેનું નામ 'Yaas' હશે.

## રશિયાની સ્પુતનિક વી (Sputnik V) રસી ભારતમાં લોન્ચ કરવામાં આવી

14 મે, 2021ના રોજ ડો. રેડ્ડિઝ લેબોરેટરીઝે જાહેરાત કરી હતી કે તેણે સ્પુતનિક વી (Sputnik V) રસી ભારતમાં લોન્ચ કરી છે.

- આ વેક્સિન રશિયાથી આયાત કરવામાં આવે છે. અને ડો. રેડ્ડિઝ લેબોરેટરી દ્વારા તેનું વિતરણ કરવામાં આવે છે.
- વર્તમાનમાં સ્પુતનિક વી રસીએ દેશમાં સૌથી મોંઘી COVID-19 રસી છે.
- સ્પુતનિક વી ની કિંમત રૂ 995 છે.
- કોવિશીલ્ડ રસીની કિંમત ડોઝ દીઠ રૂ 400 હતી. જે તાજેતરમાં ઘટાડીને 300 રૂપિયા ડોઝ કરવામાં આવ્યો છે.
- આ રસી સ્થાનિક સ્તરે સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવે છે.
- રાજ્ય સરકારો માટે COVAXIN ની કિંમત ડોઝ દીઠ 600 રૂપિયા અને ખાનગી હોસ્પિટલો માટે 1200 રૂપિયા છે.

### Sputnik V

Sputnik V રસી મોસ્કોમાં ગેમ્લેયા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ઓફ એપીડેમિઓલોજી અને માઈક્રોબાયોલોજી દ્વારા વિકસાવવામાં આવી છે.

- તે બે ડોઝમાં અપાતી રસી છે. જોકે, તાજેતરમાં રશિયામાં Sputnik V એક ડોઝમાં રસી બનાવવામાં આવી રહી છે. ભારત માત્ર ડબલ ડોઝનો ઉપયોગ કરી રહ્યો છે.
- COVISHILD રસી ચિમ્પાન્ઝીના નબળા સામન્ય એડેનોવાયરસની બનાવવામાં આવી છે. જ્યારે Sputnik V

રસી વિવિધ માનવીય એડેનોવાયરસનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે.

- **Sputnik V** રસીની પ્રથમ અસરકારતા **91%** છે.
- **Sputnik V** રસીનો પ્રથમ ડોઝ હૈદરાબાદમાં આપવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ડો. રેડ્ડિઝ લેબોરેટરીને રશિયા તરફથી Sputnik V ના **1,50,000** ડોઝ પ્રાપ્ત થયા છે.

(2) ડો. રેડ્ડિઝ લેબોરેટરીએ રશિયા ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ સાથે **250 મિલિયન** ડોઝ પ્રાપ્ત કરવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

## 'વ્હિટલી એવોર્ડ' (Whitley Awards) જીતનાર શ્રી નુકલુ ફોમ પ્રથમ ભારતીય બન્યા

વ્હિટલી એવોર્ડસને 'ગ્રીન ઓસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- વર્ષ 2021નો વ્હિટલી એવોર્ડ નાગાલેન્ડના શ્રી નુકલુ ફોમે જીત્યો છે.
- શ્રી નુકલુ ફોમ આ એવોર્ડ જીતનાર એકમાત્ર ભારતીય છે. તેમને આ એવોર્ડ 'અમૂર ફાલ્કન' પ્રવાસી પક્ષીના સંરક્ષણ માટે આપવામાં આવ્યો છે.

### વ્હિટલી એવોર્ડસ

વ્હિટલી એવોર્ડસ વ્હિટલી ફંડ ફોર નેચર દ્વારા દર વર્ષે રજૂ કરવામાં આવે છે.

- પક્ષીઓના સંરક્ષણ અને જૈવવિવિધતા સંરક્ષણ માટે કરવામાં આવેલ અનોખા કાર્ય માટે આપવામાં આવે છે.
- આ એવોર્ડ વિજેતાઓને **40,000** પાઉન્ડ રકમ મળે છે.

### Whitely Fund For Nature

વ્હિટલી ફંડ ફોર નેચરની સ્થાપના વર્ષ 1994માં એડવર્ડ વ્હિટલીએ કરી હતી.

- તે અન્ડર–રિસોર્સ્ડ અને જૈવવિવિધતા–સમૃધ્ધ દેશોના ક્ષેત્રમાં સ્થાનિક સંરક્ષણવાદીઓને શોધવાનું કામ કરે છે.
- તે વિજ્ઞાન અને સામુદાયિક ભાગીદારી પર આધારિત પ્રોજેક્ટને સમર્થન કરે છે.
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિજેતાઓને પ્રોત્સાહન આપવા માટે પણ કામ કરે છે. જેણે વિશ્વવ્યાપી જૈવવિવિધતાનો સામનો કરી રહેલા પડકારોને હલ કર્યા છે.

## શ્રી નુકલૂ ફોમ

શ્રી નુકલૂ ફોમને 'અમુર ફાલ્કન મેન ઓફ નાગાલેન્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- શ્રી નુકલૂ ફોમ 'જૈવવિવિધતા શાંતિ ગલિયારે' (Biodiversity Peace Corridors) બનાવી રહ્યા છે.
- જે વન્યપ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણને બચાવવા ઉપરાંત તે આરોગ્ય, શિક્ષણ અને માઈક્રોફાઈનાન્સ માટેના તેમના કાર્યને વિસ્તૃત કરે છે.
- 'લેમાસાચેનલોક સોસાયટી'ની સ્થાપના પણ તેમના દ્વારા કરવામાં આવી હતી.
- આ સોસાયટીએ સ્થાનિક લોકોને અમુર ફાલ્કન્સથી વાકેફ કરવા તરફ કામ કર્યુ છે.

## અમુર ફાલ્કન (Amur Falcon)

ઉત્તરી ચાઈના અને સાઈબિરીયામાં અમુર ફાલ્કન પક્ષીઓની પ્રજાતી જોવા મળે છે.

- શિયાળા દરમિયાન અમુર ફાલ્કન ભારત અને તે પછી અરબી સમુદ્રથી દક્ષિણ આફ્રિકા તરફ સ્થળાંતર કરે છે.
- લોકોમાં અમુર ફાલ્કન (અમુર બાજ) માટે શિકાર કરવાનું શરૂ હોવાથી ચિંતા વધી રહી છે.
- ભારતમાં વાર્ષિક 14,000 થી વધુ અમુર ફાલ્કનનો શિકાર કરવામાં આવે છે. જોકે, રાજ્ય સરકારોએ તેમના શિકાર પર પ્રતિબંધ મુકયો છે.
- તેને IUCN દ્વારા 'ઓછી ચિંતાજનક'ના રૂપમાં સૂચીબધ્ધ કરવામાં આવ્યું છે.
- નાગાલેન્ડને 'Falcon Capital of The World' કહેવામાં આવે છે.

ICE FOR COMPETITIVE EXAMS



## FRIDAY Questions

1. તાજેતરમાં કયું ચક્રાવત ગુજરાતના દરિયાકિનારાની નજીક આવી રહ્યું છે ?

(A) અમ્ફાન (B) તૌક્તે (C) તિતલી (D) વાયુ — (B)

2. ચક્રવાત તૌક્તે નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે ?

(A) મ્યાનમાર (B) શ્રીલંકા (C) બાંગ્લાદેશ (D) ઓમાન — (A)

3. તાજેતરમાં રશિયાની કઈ રસી ભારતમાં લોન્ચ કરવામાં આવી છે ?

(A) Sputnik V (B) COVAXIN (C) COVISHILD (D) Corona-V — (A)

4. રશિયાની Sputnik V રસી ભારતમાં કઈ લેબોરેટરી દ્વારા વિતરણ કરવામાં આવે છે ?

(A) ડો. આર.ડી લેબોરેટ્રીઝ (B) ડો. એન.બી લેબોરેટ્રીઝ

(C) ડો. રેડ્ડિઝ લેબોરેટ્રીઝ (D) ડો. સીમન લેબોરેટ્રીઝ — (C)

5. 'Sputnik V' COVID-19 રસી માટે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રસી રશિયા દ્વારા વિકસીત કરવામાં આવી છે.

2. આ રસી મોસ્કોમાં 'ગેમ્લેયા રિસર્ચ ઇન્સ્ટિટયૂટ ઓફ એપીડેમિઓલોજી અને માઈક્રોબાયોલોજી' દ્વારા વિકસાવવામાં આવી છે.

3. આ રસી વિવિધ માનવીય એડોનોવાઈરસનો ઉપયોગ કરી બનાવવામાં આવી છે.

4. આ રસીની અસરકારકતા 91% છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 — (D)

6. તાજેતરમાં કયા ભારતીયે 'વ્હિટલી એવોર્ડ 2021' જીત્યો છે ?

(A) શ્રી નુકલૂ ફોમ (B) શ્રી નિફિયુ ફોમ (C) શ્રી નુકલુ રિયો (D) શ્રી નોઆમી ફોમ — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ

દર વર્ષે સમગ્ર વિશ્વમાં 15 મે ના રોજ 'વિશ્વ પરિવાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ પરિવારો દ્વારા તેમના વિકાસમાં ભજવવામાં આવતી ભૂમિકા પર ભાર મુકે છે.
- વર્ષ 1992માં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ 15 મે ના રોજ 'વિશ્વ પરિવાર દિવસ'ની ઉજવણીની ઘોષણા કરી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય પરિવારો સંબંધિત મુદ્દાઓની જાગૃતિને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરે છે. અને વસતી વિષયક, આર્થિક અને સામાજિક પ્રક્રિયાઓને અસર કરતા જ્ઞાનમાં વધારો કરે છે.
- આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસની ઉજવણીનું આયોજન 'Division for Inclusive Social Development' દ્વારા કરવામાં આવે છે.

## લોકડાઉન દરમિયાન બાળ લગ્નમાં વધારો થયો

તાજેતરમાં કર્ણાટકના કેટલાક સામાજિક કાર્યકરો અને સંગઠનોએ 'મહિલા અને બાળ વિકાસ મંત્રાલય'ને લોકડાઉન દરમિયાન બાળલગ્નના કેસોમાં થયેલા વધારોનો મુદ્દો ઉઠાવ્યો છે.

- 'ચાઈલ્ડલાઈન ઈન્ડિયા' નામની એક NGO દ્વારા ડિસેમ્બર 2020માં પ્રકાશિત અહેવાલ મુજબ મહામારી અને ત્યારબાદ લોકડાઉનને કારણે મધ્યપ્રદેશના ગ્રામીણ વિસ્તારોમાં બાળલગ્નના કિસ્સામાં વધારો થયો છે.

### બાળ લગ્ન

બાળ લગ્નએ 18 વર્ષની વય પહેલા છોકરી અથવા છોકરાના લગ્નનો સંદર્ભ આપે છે.

- જેમાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો (છોકરો અથવા છોકરી) વૈવાહિક રૂપથી એક સાથે રહે છે.
- યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન ફંડનો અંદાજ છે કે ભારતમાં દર વર્ષે 18 વર્ષથી ઓછી વયની ઓછામાં ઓછી 1.5 મિલિયન છોકરીઓ લગ્ન કરે છે.
- આથી જ વિશ્વમાં સૌથી વધારે 'બાળ વધુ'ભારતમાં જોવા મળે છે.
- 'ધ લેન્સેટ' દ્વારા તાજેતરના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે COVID-19 મહામારીના કારણે આવતા 5 વર્ષમાં 25 મિલિયન થી વધુ છોકરીઓ (18 વર્ષથી ઓછી વયની) લગ્નના જોખમમાં છે.

### લોકડાઉન દરમિયાન વધતા બાળ લગ્નના કરણો

મહામારી અને લોકડાઉન પહેલા આસપાસના લોકો, મેરેજ હોલ અને મંદિરોમાં થતા બાળ લગ્ન વિશે સંબંધિત અધિકારીઓ અથવા સામાજિક કાર્યકારોને જાણ કરવામાં આવતી હતી.

- જેથી તેઓ બાળ લગ્ન અટકાવવા સમયસર પહોંચી શકે. પરંતુ હવે લોકડાઉનને કારણે ઘરે લગ્ન થઈ રહ્યા છે. જેના કારણે ચેતવણી સિસ્ટમનો અભાવ નબળો પડી રહ્યો છે.
- મહામારીને કારણે આર્થિક દબાણના લીધે ગરીબ માતા–પિતા અને પરિવારના સભ્યો જલ્દીથી લગ્ન માટે પ્રેરાય છે.
- કેટલાક માતા–પિતા 15 થી 18 વર્ષની વયને અનુત્પાદક માને છે. ખાસ કરીને છોકરીઓ માટે, તેથી આ વય દરમિયાન તેઓ તેમના બાળક માટે જીવનસાથી શોધવાનું શરૂ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કાયદો અને વ્યવસ્થા હજુ પણ કિશોર વયની છોકરીઓ માટે સલામત વાતાવરણ પુરો પાડવા માટે નથી, જેના કારણે કેટલાક માતા–પિતા તેમની છોકરીઓનો પ્રારંભિક વયે લગ્ન કરાવે છે.
- આ ઉપરાંત ગરીબી, રાજકીય અને નાણાકીય કારણો, શિક્ષણનો અભાવ વગેરે કારણે બાળ લગ્નમાં વધારો થયો છે.

## ઉત્તર–પૂર્વ રાજ્યોમાં 'આફ્રિકન સ્વાઈન ફિવર' ફેલાયો

આફ્રિકન સ્વાઈન ફિવરે (African Swine Fever) મેઘાલય રાજ્યમાં તેનો ફેલાવો કર્યો છે.


- આ અગાઉ મિઝોરમમાં પણ તેનો પ્રભાવ વધ્યો હતો.
- મિઝોરમમાં આફ્રિકન સ્વાઈન ફિવરના કારણે એક મહિનામાં 1700 ડુક્કરના મોત થયા છે.
- ત્યારબાદ હવે મેઘાલયમાં અત્યાર સુધીમાં 300 ડુક્કરના મોત થયા છે.
- ફિલિપાઈન્સ સરકારે તાજેતરમાં આફ્રિકન સ્વાઈન ફિવરની અસરોને સરભર કરવા માટે દેશને એક વર્ષ માટે દુર્ઘટનાની સ્થિતિમાં મુક્યો છે.
- વર્ષ 2019માં આફ્રિકન સ્વાઈન ફિવરનો પ્રથમ કિસ્સો સામે આવ્યો હતો.
- વર્ષ 2019 બાદ 30 મિલિયન થી વધુ ડુક્કરના મોત થયા છે.

### આફ્રિકન સ્વાઈન ફિવર શું છે ?

તે વર્ષ 1920માં પ્રથમ વખત આફ્રિકામાં મળી આવ્યું હતું.

- આ રોગ માટે કોઈ ઈલાજ નથી અને રોગને ફેલાવવાથી રોકવાનો એકમાત્ર રસ્તો એ છે કે પીડિત પ્રાણીઓને મારી નાખવામાં આવે.
- આ રોગ મનુષ્ય માટે ખતરો નથી. આ રોગ પ્રાણીથી પ્રાણીમાં ફેલાય છે.
- આફ્રિકન સ્વાઈન ફિવર વાયરસ નીચા તાપમાને પ્રતિરોધક છે. જ્યારે ડુક્કર 70 થી 100 ડિગ્રી સેલ્સિયસ ગરમ થાય છે ત્યારે જ વાયરસ મૃત્યુ પામે છે.
- વર્ષ 2016 થી 2019ની વચ્ચે યુરોપ, એશિયા અને આફ્રિકામાં ફાટી નીકળ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SATURDAY Questions

**1.** 'વિશ્વ પરિવાર દિવસ'ની ઉજવણી સમગ્ર વિશ્વમાં કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 11 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(B)**

**2.** કયા વર્ષે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ 'વિશ્વ પરિવાર દિવસ' ઉજવણી ની ઘોષણા કરી હતી ?

(A) 1992 (B) 1993 (C) 1994 (D) 1995 **(A)**

**3.** યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન ફંડના અંદાજ મુજબ ભારતનાં દર માં વર્ષે 18 વર્ષથી ઓછી વયની કેટલી છોકરીઓ લગ્ન કરે છે ?

(A) 1.5 મિલિયન (B) 2.5 મિલિયન (C) 3.5 મિલિયન (D) 4.5 મિલિયન **(A)**

**4.** તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં આફ્રિકન ફિવર સૌથી વધુ ફેલાયો છે ?

(A) આંધ્રપ્રદેશ (B) મેઘાલય (C) મિઝોરમ (D) (B) અને (C) બંને **(D)**

**5.** આફ્રિકન સ્વાઈન ફિવર વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આ વાયરસ વર્ષ 1920માં પ્રથમ વખત મળી આવ્યો હતો.

2. આફ્રિકન સ્વાઈન ફિવર રોગનો કોઈ ઈલાજ નથી.

3. આ રોગ મનુષ્ય માટે ખતરારૂપ છે.

4. આ રોગના કારણે વર્ષ 2019 બાદ 30 મિલિયન થી વધુ ડુક્કરના મોત થયા છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) 1, 2 અને 4 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **સોમનાથ મંદિરનો 71મો સ્થાપના દિવસ**

11 મે ના રોજ સોમનાથ મંદિરનો 71 મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ સ્થાપના દિવસ નિમિતે સોમનાથ મહાદેવની મહાપૂજા, વિશેષ શૃંગાર, દીપમાલા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. 11 મે, 1951ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા સોમનાથ મંદિરના ગર્ભગૃહનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમુદ્રમાં શણગારવામાં આવેલી બોટમાં રાખવામાં આવેલી 21 તોપોની સલામી સાથે ભક્તોએ જય સોમનાથના નાદ સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સોમનાથ મંદિર ભગવાન શિવના 12 પવિત્ર જ્યોતિર્લિંગમાનું એક છે. ચાલુક્ય શૈલીથી બાંધેલું આજનું 'કૈલાસ મહામેરુ પ્રસાદ' એટલે કે સોમનાથ મંદિર ગુજરાતના સોમપુરા કારીગરોની કલાનું અદભૂત પ્રદર્શન કરે છે.

➤ **રાજકોટ એઇમ્સના મુખ્ય ડાયરેક્ટર**

રાજકોટ નજીક ખંઢેરી ગામમાં નિર્માણ પામતી ઓલ ઈન્ડિયા મેડીકલ સાયન્સ (એઈલમ્સ)ના મુખ્ય ડાયરેક્ટર તરીકે શ્રી સી.ડી.એસ કછોટની નિમણૂક બાદ વિધિવત ચાર્જ સંભાળ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ મહિના પહેલાજ શ્રી સી.ડી.એસ કછોટની નિમણૂક કરી હતી. વર્તમાનમાં તેઓ રાજકોટ સિવીલ હોસ્પિટલમાં બનાવેલ એઈલમ્સની કાર્યકારી ઓફિસમાં બેસી કામકાજ સંભાળશે. શ્રી સી.ડી.એસ કછોટને 22 વર્ષનો મેડિકલ ફિલ્ડનો અનુભવ છે. તેઓએ દિલ્હી, જમ્મુ, કોલકાતા, પુના, રાંચી સહિતના સ્થળોએ ફરજ બજાવી છે.

## ભારત

➤ **2 DG - DRDOની એન્ટી કોવિડ દવાને મંજૂરી મળી**

તાજેતરમાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ કોવિડ-19ની સારવાર માટે 2 DG નામની દવાને મંજૂરી આપી છે. 2 DG દવા DRDO દ્વારા કટોકટીના ઉપયોગ માટે વિકસાવવામાં આવી છે. 2 DG એટલે કે 2-Deoxy-D-Glucose. તે ડો રેડ્ડીની લેબોરેટરીઝના સહયોગથી વિકસાવવામાં આવી છે. આ દવા હોસ્પિટલમાં દાખલ દર્દીઓની ઝડપથી રિકવરની ખાતરી આપે છે. તથા ક્લિનિકલ ટ્રાયલ્સ દરમિયાન પૂરક ઓક્સિજન પરાધીનતા ઘટાડશે. આ દવા પાઉચ સ્વરૂપમાં આવે છે. તથા પાણીમાં ઓગાળ્યા પછી મોંથી પીવામાં આવે છે.

➤ **CO-WIN એ 4 અંકનો સુરક્ષા કોડ રજૂ કર્યો**

આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં જાહેરાત કરી હતી કે CO-WIN સોફ્ટવેરમાં નવી સુવિધા ઉમેરવામાં આવી રહી છે. CO-WIN એટલે કે 'COVID-19 Vaccine Intelligence Network' છે. આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં આ સોફ્ટવેરમાં ચાર અંકનો સુરક્ષા કોડ ઉમેર્યો છે. જ્યારે કોઈ વ્યક્તિ CO-WIN પ્લેટફોર્મ પર રસીકરણ સ્લોટ બુક કરે છે, ત્યારે તેમને ચાર અંકનો સુરક્ષા કોડ મળશે. ત્યારબાદ રસીકરણ કેન્દ્રમાં આ કોડ દાખલ કરવો પડશે. આ કોડનો ઉલ્લેખ ડિજિટલ સર્ટિફિકેટમાં પણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **આસામ-યુનિસેફ ઓનલાઈન પૂર રિપોર્ટિંગ સિસ્ટમ**

આસામ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી અને UNICEF એ સયુંક્ત રીતે ઓનલાઈન ફ્લડ રિપોર્ટિંગ સિસ્ટમ વિકસાવી છે. આ સાથે પૂર દરમિયાન પ્રભાવ સૂચકાંકો શોધવા માટે ડિજિટલ રિપોર્ટિંગ સિસ્ટમ અપાવનાર આસામ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ નવી સિસ્ટમ દૈનિક ધોરણે આસામમાં પૂરના સ્તરની જાણ કરશે. આ નવી સિસ્ટમ વેબ અને મોબાઈલ એપ્લિકેશન ટેકનોલોજી દ્વારા સંચાલિત છે. તે પાકના નુકસાન અને પશુધનના નુકસાનની શોધ કરવામાં મદદ કરશે. આ ઉપરાંત આ સિસ્ટમ નિર્ધારિત સ્તરે ત્વરિત ચેતવણી–આધારિત ચકાસણી પ્રદાન કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **કેબિનેટે એડવાન્સ કેમિસ્ટ્રી સેલ (ACC) બેટરી સ્ટોરેજ માટેની PLI યોજનાને મંજૂરી આપી**

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે અદ્યતન કેમિસ્ટ્રી સેલ બેટરી સ્ટોરેજ માટેની 'પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન' (PLI) યોજનાને મંજૂરી આપી છે. આ યોજના માટે લગભગ 18,100 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ PLI યોજનાનો મુખ્ય ઉદ્દેશ 'અદ્યતન કેમિસ્ટ્રિ સેલ બેટરી' (Advanced Chemistry Cell)ના 50 ગીગાવોટ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરવાનો છે. આયાતની પરાધીનતા ઘટાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત તેનો હેતુ બેટરી સ્ટોરેજનું સ્થાનિક ઉત્પાદન વધારવાનું છે.

➤ **શ્રી પદ્મકુમાર એમ.નાયરને સૂચિત બેડ બેંકના CEO તરીકે નિયુક્તિ કરવામાં આવી**

ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શ્રી પદ્મકુમાર માધવન નાયરની બેડ બેંકના CEO તરીકે નિમણૂક કરવામાં આવી છે. બેડ બેંક National Asset Reconstruction Company (NAEC)નું સૂચિત એકમ છે. શ્રી પદ્મકુમાર એમ.નાયર વર્તમાનમાં SBI ના સ્ટ્રેસ્ડ એસેટ્સના ચીફ જનરલ મેનેજર તરીકે સેવા આપી રહ્યા છે. આ પહેલા તેઓ એસ.આર.જી માં જનરલ મેનેજર તરીકે કાર્ય કરતા હતા. બેડ બેંક એ એક નાણાકીય સંસ્થા છે. જે ઉધારદાતાઓની ખરાબ સંપતિ લે છે અને તેનું નિરાકરણ લાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **Global Task Force on Pandemic**

મહામારી પર વૈશ્વિક ટાસ્ક ફોર્સ તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે તે યુ.એસ ભારત સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ અને યુ.એસ–ભારત બિઝનેસ કાઉન્સિલ સાથે મળીને તાત્કાલિક ત્રણ પગલા લેવા માટે કામ કરશે. આ ત્રણ પગલામાં હજાર વેન્ટિલેટર ડિલિવરી, 25,000 ઓક્સિજન કોન્સેન્ટર્સ મોકલવા અને ચિફ હ્યુમન રિસોર્સ ઓફિસર ઈન્ડિયા એકશન ગ્રુપની રચના કરવી. આ જૂથ ભારતીય લોકોને મદદ કરવા માટે વ્યવહારિક માહિતી અને વિચારો પ્રદાન કરશે. યુએસની લગભગ 40 ટોચની કંપનીઓ મહામારી માટે ગ્લોબલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ જૂથ ભારતને મોટા પાયે COVID-19 કટોકટી રાહત સામગ્રી પ્રદાન કરશે.

➤ **ચીનના બેકાબુ થયેલ રોકેટનો કાટમાળ હિન્દ મહાસાગરમાં માલદિવ નજીક પડયો**

**25** એપ્રિલ, **2021**ના રોજ ચીને 'લોન્ગ માર્ચ **5 B**' રોકેટ લોન્ચ કર્યુ હતું. આ રોકેટમાં ચીનના સ્પેસ સ્ટેશનનું ટિઆન્હ કોર મોડ્યુલ છે. આ રોકેટ અવકાશમાં બેકાબુ બન્યું હતુ અને તેનો કાટમાળ હિન્દ મહાસાગરમાં માલદીવ નજીક પશ્ચિમ દિશામાં પડયો હતો. યુએસ સ્પેસ ફોર્સની ક્ષ્ટમી કન્ટ્રોલ સ્કવોર્ડન દ્વારા તેની પૃષ્ટિ કરવામાં આવી હતી. આ રોકેટનો કાટમાળ બેઈજિંગ સમય મુજબ રવિવારે સવારે **10:24** કલાકે વાતાવરણમાં પ્રવેશ્યો હતો. આ રોકેટનો કાટમાળ પડયો તે પહેલા ભારત અને શ્રીલંકા નજીક સમુદ્રમાં ગમે ત્યાં પડે તેવી ધારણા રજૂ કરાઈ હતી.

➤ **Five Deeps Expendition**

ફાઈવ ડીપ્સ અભિયાનએ વિશ્વના પાંચ મહાસાગરોના સૌથી ઉંડા બિંદુઓ પર માહિતી પ્રદાન કરી છે. જે પ્રશાંત, એટલાન્ટિક, ભારતીય, આર્કટિક અને દક્ષિણ મહાસાગર છે. ફાઈવ ડીપ્સ અભિયાને શોધી કાઢયું છે કે 'જાવા ટ્રેન્ચ' હિન્દ મહાસાગરનો ઉડું બિંદુ છે. હિંદ મહાસાગરના સૌથી ઉંડા બિંદુ માટે ઘણા દાવા કરવામાં આવ્યા હતા. 'ફેકટરીયન ટ્રેન્ચ' એ દક્ષિણ મહાસાગરનું સૌથી ઉડું બિંદુ છે. જ્યારે 'પ્યુર્ટો રિકો ટ્રેન્ચ'એ એટલાન્ટિક મહાસાગરનું સૌથી ઉડું બિંદુ છે. 'મોલ્લોય હોલ' આર્કટિક મહાસાગરનું સૌથી ઉડું બિંદુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પર્યાવરણીય જોખમવાળા 100 શહેરલમાંથી 99 શહેર એશિયામાં**

વેરીસ્ક મેપલેકોફ્ટ નામની એક ખાનગી કંપનીએ શોધી કાઢયું છે કે એશિયન શહેરોમાં પર્યાવરણીય સમસ્યાઓથી સૌથી વધુ જોખમ રહેલું છે. આમાં કુદરતી આપતિઓ અને હવાના પ્રદુષણનો પણ સમાવેશ થાય છે. **100** સૌથી સંવેદનશીલ શહેરોમાંથી **99** શહેરો એશિયામાં સ્થિત છે. **100**માંથી લગભગ **37** શહેર ચીનમાં અને **43** શહેર ભારતમાં છે. ચીન અને ભારત વિશ્વનો પ્રથમ અને ત્રીજો સૌથી મોટો ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જક દેશ છે. વિશ્વના **414** શહેરોમાં ફેલાયેલા **5** અબજ લોકોમાં પાણીની તંગી, પ્રદુષણ, કુદરતી જોખમો, આકરા તાપ અને હવામાન પરિવર્તનમાં અન્ય શારીરિક પ્રભાવોનું જોખમ વધારે છે. જકાર્તા આ સૂચિમાં ટોચ પર છે અને તે વિશ્વનું સૌથી જોખમી શહેર છે.

## ICE ? Questions

- Global Task Force on Pandemic કયા દેશની ટોચની 40 કંપનીઓનું જૂથ છે ? – અમેરિકા
- DRDO કઈ COVID દવાને તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે ? – 2 DG
- 2 DG નું પૂરું નામ શું છે ? – 2-Deoxy-D-Glucose
- ચીનના બેકાબુ થેલ રોકેટનો કાટમાળ કયા દેશની નજીક સમુદ્રમાં પડ્યો હતો ? – માલદીવ
- તાજેતરમાં કયા સ્વાસ્થ્ય સોફ્ટવેરે 4 અંકનો સુરક્ષા કોડ રજૂ કર્યો હતો ? – CO-WIN
- CO-WIN નું પૂરું નામ શું છે ? – COVID Vaccine Intelligence Network
- આસમે કોની સાથે સંયુક્ત રીતે ઓનલાઈન પુર રિપોર્ટિંગ સિસ્ટમ વિકસાવી છે ? – UNICEF
- તાજેતરમાં કેબિનેટે ACC સ્ટોરેજ બેટરી માટે કઈ યોજનાને મંજૂરી આપી છે ? – PLI
- તાજેતરમાં સોમનાથ મંદિરના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? – 71 માં
- બેડ બેંકના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી ? – શ્રી પદ્મકુમાર માધવન નાયર
- રાજકોટ એઈમ્સના મુખ્ય ડાયરેકટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ? – શ્રી સી.ડી.એસ કછોટ
- પર્યાવરણીય જોખમવાળા 100 શહેરોમાંથી કેટલા શહેર એશિયામાં છે ? – 99

1. તાજેતરમાં તાલિબાનોએ અફઘાનિસ્તાનના કયા ડેમ પર કબજો કર્યો છે ? – દાહલા ડેમ
(દાહલા ડેમને અરઘાનદાબના નામથી ઓળખવામાં આવે છે. આ ડેમ અફઘાનિસ્તાનના કંધાર પ્રાંતના શાહ વલી કોટ જિલ્લામાં સ્થિત છે. જે અરઘાનદાબ નદી પર સ્થિત છે)

2. તાજેતરમાં ઈન્ડોનેશિયાના કયા સક્રિય જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો છે ? – માઉન્ટ સિનબંગ
(તાજેતરમાં ઈન્ડોનેશિયાના માઉન્ટ સિનાબંગ નામના સક્રિય જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો છે. આ જ્વાળામુખી વર્ષ 2010માં સક્રિય થયો હતો.)

3. તાજેતરમાં ઝડપથી 17 કરોડ લોકોને રસી આપનાર કયો દેશ બન્યો છે ? – ભારત
(ભારતમાં અત્યાર સુધીમાં 17 કરોડથી વધુ લોકોને COVID-19ની વેક્સિન આપવામાં આવી છે. નોંધનીય છે કે ભારતે માત્ર 114 દિવસમાં આ રસી આપી છે. જ્યારે અમેરિકાએ 115 દિવસમાં 117 કરોડ લોકોને વેક્સિન આપી હતી.)

4. રાજ્યસભાના સાંસદ અને જાણીતા શિલ્પકાર શ્રી રઘુનાથ મહાપાત્રનું 77 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ કયા રાજ્યના રાજ્યસભાના સાંસદ હતા ? – ઓડિશા

5. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ કયા રાજ્યના હાઉસિંગ ઈન્ડસ્ટ્રી રેગ્યુલેશન એક્ટ (HIRA)ને ગેરબંધારણીય જાહેર કર્યો છે ? – પશ્ચિમ બંગાળ

6. Lord's Resistance Army (LRA) જે તાજેતરમાં સમાચારમાં હતું. તે કયા દેશ સાથે સંબંધિત છે ? – યુગાન્ડા
(લોર્ડ્સ રેઝિસ્ટન્સ આર્મી (LRA) એ ઉત્તરી યુગાન્ડા, દક્ષિણ સુદાન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક અને કોંગોના ડેમોક્રેટિક રિપબ્લિક સહિતના આફ્રિકન દેશોમાં સક્રિય બળવાખોર જૂથ છે.)

7. Sputnik Light Single Dose શું છે ? – COVID-19 રસી
(રશિયા દ્વારા વિકસિત સ્પુટનિક વી રસી એ બે ડોઝમાં અપાતી રસી છે. આ રસીની વિશિષ્ટ સુવિધા એ છે કે પ્રથમ અને બીજો ડોઝ એકબીજાથી અલગ છે.)

8. પાછલા વર્ષ કરતા ઉનાળાના પાકના ક્ષેત્રમાં કેટલા ટકાનો વધારો થયો છે ? – 21.25%

9. તાજેતરમાં કઈ ટેનિસ ખેલાડીએ 'મેડ્રિડ ઓપન' ખિતાબ જીત્યો છે ? – સબાલેન્કા

10. તાજેતરમાં કોણે 'DOGE-1 Mission to Moon' ની ઘોષણા કરી હતી ? – Spacex

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. તાજેતરના એક અહેવાલ મુજબ ચીનની વસતી કેટલા ટકાના દરે વધી છે ? – 0.53 %
(આ દાયકા દરમિયાન ચીનની વાર્ષિક વસતી ધીમી પડી છે. આનાથી દેશની વસતી વિષયક ડિવિડન્ડ જોખમમાં મુકાયા છે. વર્ષ 2020ની વસતી ગણતરીમાં ચીનની વાર્ષિક વસતી વૃધ્ધિ 53% હતી જે વર્ષ 2010ની વસતી ગણતરીમાં 0.57% હતી.)

12. નાસાના કઈ અંતરિક્ષ યાને પૃથ્વીની 2 વર્ષ માટે લાંબી યાત્રા શરૂ કરી છે ? – OSIRIS-REX

13. WHO એ તાજેતરમાં COVID-19ની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવતી કઈ દવાની વિરૂધ્ધ ચેતવણી આપી છે ? – ઈવરમેક્ટિન

14. આયુષ વિતરણ અભિયાનમાં સમાવિષ્ટ 'કબાસુર કુદિનિયર' કઈ તબીબી પ્રણાલીની એક દવા છે ? – સિધ્ધ
(આયુષ મંત્રાલય કોવિડ દર્દીઓને લાભ આપવા માટે પોલી હર્બલ આયુર્વેદિક દવા આયુષ 64 અને સિધ્ધ દવા 'કબાસુર કુદિનિયર'નું વિતરણ કરવા માટે મોટા પાયે રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવી રહ્યું છે.)

15. કયા દેશએ ભારતીય COVID સંસ્કરણને 'વેરિએન્ટ ઓફ કન્સર્ન' તરીકે વર્ગીકૃત કર્યો છે ? – બ્રિટન

16. 'મનોજ દાસ આંતરરાષ્ટ્રીય સાહિત્ય પુરસ્કાર' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – ઓડિશા
(તાજેતરમાં ઓડિશા સરકારે રાજ્યના જાણીતા સાહિત્યકાર મનોજ દાસની યાદમાં 'મનોજ દાસ આંતરરાષ્ટ્રીય સાહિત્ય પુરસ્કાર' શરૂ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ઈનામરૂપે 10 લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. કઈ સંસ્થાએ માનસિક તંદુરસ્તી માટે મોબાઈલ એપ્લિકેશન 'Dost For Life' શરૂ કરી છે ? – CBSC

18. એલેકઝાંડર માસ્ટર્સ અને આર્યના સાબેન્કા કયા માસ્ટર્સ 100 ટૂર્નામેન્ટના વિજેતા છે ? – મેડ્રીડ ઓપન

19. તાજેતરમાં કોણે હરિયાણામાં વાંદરાઓની વસતી ગણતરી હાથ ધરી હતી ? – Wild Life Institute of India

20. તાજેતરમાં કોને RBIના એક્ઝિક્યુટિવ ડિરેકટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ? – શ્રી જોસ.જે.કટ્ટુર

21. તાજેતરમાં કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'સિંધુ દર્શન મહોત્સવ'નું આયોજન કરવામાં અવશે ? – લદાખ
( કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં 19 જૂન, 2021ના રોજ 'સિંધુ દર્શન મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. લેહ શહેરથી 8 કિલોમિટર દૂર વર્ષે દેશભરના સેંકડો પ્રવાસીને આકર્ષે છે.)

22. તાજેતરમાં કયા દેશ દ્વારા એનિમલ વેલફેર માટે એક એકશન પ્લાનનું અનાવરણ કરાયું છે ? – યુનાઈટેડ કિંગ્ડમ

22. કયા રોવરે તાજેતરમાં મંગળગ્રહ ઉપરના પ્રાચીન ખાડોના ફ્લોરનો અભ્યાસ શરૂ કર્યો છે ?
– Perseverance Rover

23. 8 અને 9 મે કયા યુધ્ધમાં માર્યા ગયેલા લોકોની યાદમાં સંવાદિતા ના સમય તરીકે ઉજવવામાં આવે છે ?

– બીજા વિશ્વ યુધ્ધ

(વર્ષ 2004માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ 8 અને 9 મે ને બીજા વિશ્વયુધ્ધ દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા લોકોની યાદ અને સંવાદિતાનો સમય જાહેર કર્યો હતો. UNGA યુધ્ધના તમામ પીડિતોને શ્રધ્ધાંજલિ આપવા માટે તેના સભ્યો દેશો સાથે મીટિંગો કરે છે. )

24. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘યઝીદી’ લઘુમતી ધાર્મિક જૂથ મુખ્યત્વે કયા દેશમાં જોવા મળે છે ? – ઈરાક

25. ભારતીય મૂળના કઈ વ્યક્તિને અમેરિકી પ્રેસિડેન્ટના વરિષ્ઠ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ? – સુશ્રી નીરા ટંડન

26. વિદેશથી મળેલા ચૂકવણીની પુરાવા રૂપે બેંક દ્વારા જારી કરાયેલા દસ્તાવેજનું નામ શું છે ? – FIRA

(FIRA એ એક દસ્તાવેજ છે જે બેન્કો દ્વારા નિકાસકારોને વિદેશમાંથી મળતી ચુકવણીના પુરાવા તરીકે આપવામાં આવે છે. તે વિદેશથી પ્રાપ્ત વિદેશી ચલણમાં નિકાસ કમાણીની પ્રાપ્તિનો પુરાવો છે.)

27. ટેક્સાસે તાજેતરમાં હાર્ટબીટ બીલ પસાર કર્યુ હતું. તે કયા દેશનું વિવાદિત બીલ છે ? – અમેરિકા

28. તાજેતરમાં કયા અવકાશ યાને અવકાશમાં ‘હમિંગ અવાજ’ની શોધ કરી છે ? – વોયેજર-1

(તાજેતરમાં વાયેજર-1 પ્રોબને અવકાશમાં ‘હમિંગ અવાજ’ મળ્યો છે. વૈજ્ઞાનિકોએ તેને ‘પ્લાઝમા વેવ’ નામ આપ્યું છે.)

29. ‘નોક સંસ્કૃતિ’ કયા દેશ સાથે સંકળાયેલ છે ? – નાઈજીરીયા

30. પાબલો પિકાસોની કઈ પેઈન્ટિંગ 754 કરોડ રૂપિયામાં વેચાઈ છે ? – Woman Sitting Neara Window

31. રાષ્ટ્રીય વાંસ મિશન દ્વારા તાજેતરમાં સ્થાનિક અગરબતિ ઉદ્યોગને મજબૂત બનાવવા માટે કઈ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે ? – Managment Information System

32. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે તે COVID-19 સપ્લાય વધારવા COVAX માં જોડાશે ? – પંજાબ

33. ઓસ્ટ્રેલિયામાં ઉંદરની વધતી વસતીને કયા નામથી ઓળખવામાં આવે છે ? – Mice Rain

(ઓસ્ટ્રેલિયામાં ઉંદરની વસતી ઝડપથી વધી રહી છે. ઉંદર પાક અને સંગ્રહિત ખોરાકને વ્યાપક નુકસાન પહોંચાડે છે તેને Mice Rain કહેવાય છે. આ સાથે ઓસ્ટ્રેલિયામાં પ્લેગ પણ વધ્યો છે.)

34. તાજેતરમાં ચીનના કયા રોવરે મંગળ ગ્રહ પર લેન્ડિગ કર્યુ ? – Tianwen-1

35. કયા દેશમાં પ્રથમ ‘BRICS રોજગાર કાર્ય સમૂહ’ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ભારત

36. તાજેતરમાં કઈ ટીમે જર્મન કપ ફૂટબોલ ટૂર્નામેન્ટ જીતી હતી. – બોરુસિયા ડોર્ટમેન્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(તાજેતરમાં યોજાયેલ જર્મન કપ ફૂટબોલ ટુનામેન્ટની ફાઈનલમાં લિપઝિગને 4-1 થી હરાવીને બોરુસિયા ડોર્ટમેન્ડ આ ટુર્નામેન્ટ જીતી હતી.)

37. વર્ષ 2024ના T20 વર્લ્ડકપમાં કેટલી ટીમો રમશે ? – 20

38. વર્તમાનમાં ટેસ્ટ ક્રિકેટ રેન્કિંગમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે છે ? – ભારત

39. ભારતીય વિમેન્સ ટીમના હેડ કોચ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ? – શ્રી રમેશ પોવાર



**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT